# આજ મારે આંગણે પધારશે... માં ... પાવાવાળી...

## આજથી નવલા નોરતાનો મંગલ પ્રારંભ શહેરમાં શકિતની ભકિતનો દિવ્ય ઉજાસ પથરાશે

ગાંધીનગર તા ૩૦ આજ મારે આંગણે પધારશે માં પાવાવાળી... આજથી નવલા નોરતાનો મંગલ પ્રારંભ થશે. આદ્યશકિતની ભકિત ઉપાસનાથી નગરના જનજીવનમાં આધ્યાત્મિક ચેતના જાગૃત થશે. સેકટરોની શેરીઓ વાળીને સજજ કરી દેવાઈ છે. સેકટરોની શેરીઓમાં શકિતની ભકિતનો દિવ્ય ઉજાસ પથરાશે. ભાવિકો શુભ મુહુર્તમાં માતાજીની સ્થાપન અને પુજા વિધિ કરશે. સાંજ ઢળતા જ રંગબેરંગી રોશનીની જાકમઝોળ વચ્ચે ગરબાના સુર રેલાશે. સેકટરોમાં માતાજીની શહેરમાં વિવિધ ત્રણ ઠેકાણે સંસ્થાકીય ગરબા મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ છે. આસોની રઢિયાળી રાતમાં નવરંગી ભાતીગળ વસ્ત્રોમાં સજજ નવયૌવન મનમુકીને ગરબે ઘુમશે. શહેરમાં કલા અને સંસ્કૃતિના અનોખા સમન્વય વચ્ચે શકિતની ભકિત વંદના છલકાશે.

નવલા નોરતાની આજથી મંગલ શરૂઆત થશે. નવરાત્રી એટલે નવદુર્ગાની પુજા ભકિતનો અનેરો અવસર. નવરાત મહોત્સવના ઓવારણા લેવા ગરબા પ્રેમીઓમાં હેત છલકાઇ રહયુ છે. આખા વર્ષની કરવામાં આવ્યુ છે. નવરાત પર્વ નગરની આગવી ઓળખ સમાન બનતા વિવિધ શહેરો તેમજ દેશ વિદેશમાંથી પણ ગરબા પ્રેમીઓ નવરાતમાં મહેમાન બને છે. શહેરમાં વિવિધ ત્રણ ઠેકાણે અલ્ટ્રામોર્ડન ગરબા મહોત્સવની ઉજવણી કરવામાં આવી છે. જેમાં કલ્ચરલ ફોરમ દ્વારા સે-૯ ના ગરબા મેદાનમાં અંબાજી મંદિરની દિવ્ય પ્રતિકૃતિનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. અંબાજીશકિત પીઠથી દિવ્ય જયોત કલ્ચરલ ફોરમના ચાંચર ચોકમાં સ્થાપના કરવામાં આવશે.

માટે ૧૫ હજાર ખુરશીઓની બેઠક વ્યવસ્થા રાખવામાં આવી છે. આ ઉપરાંત પાર્કીંગની સમસ્યાને ડામવા ૬૦ જેટલા ડ્રાઈવર સ્થળ પર ફરજ બજાવશે જયારે સલામતીને અનુલક્ષીને પણ ચુસ્ત સિકયુરીટી

**આસોની રઢિયાળી રાતના આછેરા અજવાળામાં નવરંગી ભાતીગળ વસ્ત્રોમાં સજજ નવયૌવનમાં ગરબે ઘુમવા ઉત્સુક : એક નોરતુ વધુ હોવાથી ખૈલેયાઓનો ઉત્સાહ બેવડાયો**

માટે સંસ્થા દ્વારા સૌ પ્રથમવાર બન્દોબસ્ત વચ્ચે સંસ્થાના



ગરબાના સુર રેલાવશે. રાત્રિના ૮ કલાક ધુપ દિપથી પ્રજવલિત દિવ્ય અને ભવ્ય વાતાવરણમાં માતાજીના ચાંચરચોકમાં જગદંબાની આરતી બાદ ૮:૩૦ કલાકે ગરબા યોજાશે. લાયન્સ એન્ડ લાયોનેસ કલબ દ્વારા પણ ચ-૩ મેદાન ખાતે ભવ્ય નવરાત્રિ મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ છે. લાયન્સ કલબના પ્રમુખ નિમેષ રાવલ તેમજ લાયોનેસ કલબના હરિશ ત્રિવેદીએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે લાયન્સ કલબ દ્વારા આયોજિત નવરાત યોજાશે. ખૈલેયાઓ માટે વિશાળ ગરબા મેદાન તૈયાર કરવામાં આવ્યુ છે. જયારે બેઠક વ્યવસ્થા માટે ૫ થી ૭ હજાર ખુરશીઓની વ્યવસ્થા કરવામાં આવી છે. જયારે થનગનાટ આર્ટ કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા પણ રામકથા મેદાન ખાતે ગરબા મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં નામી કલાકારો ગરબાના સુર સંગીત રેલાવશે. ગરબા પ્રેમીઓ માટે વિશિષ્ટ ગરબા મેદાન પણ તૈયાર કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત સેકટરોની શેરીઓમાં પણ ગરબા મેદાન સજજ કરી દેવાયા છે. સે-૪ માં દરવર્ષની જેમ આ વર્ષે પણ કાલીદાસ પટેલના જણાંવ્યા મુજબ રોજ ગરબાના આયોજનને અનુલક્ષી વિવિધ સંગીત પાર્ટી પણ આવશે. વેપારી મંડળ તેમજ સ્થાનિક વસાહતીઓના સહયોગથી આયોજિત આ નવરાત્રિ મહોત્સવમાં રાત્રિના ૯:૩૦ કલાકે આરતી યોજાશે. સે-૧૭ માં પણ ગરબાની રમઝટ બોલાવાશે. નવરાત્રિ મહોત્સવ સમિતિના સ્થાપક રજુજી ગોલ તેમજ યુવા સમિતિના પ્રમુખ સંદિપ રાવલના જણાંવ્યા મુજબ લોકપ્રિય ગાયક કલાકારો દ્વારા મંચ પરથી ગરબાની પ્રસ્તુતિ થશે.

### સેકટરોમાં શેરી વળાવી સજજ કરી દેવાઈ.. સેકટરોની શેરીઓમાં આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ચેતના જાગૃત થશે

પુજા અર્ચના અને આરતી થશે. ભવ્ય શેરી ગરબાની રમઝટ જામશે. નવદુર્ગાના નવરાત પર્વમાં શકિતની પુજા ભકિત સાથે નવયૌવન રાસે રમવા સોળે શણગાર સજી તૈયાર છે. ગરબે ઘુમવા ઉત્સુક ખૈલેયાઓની ઈન્તેજારીનો અંત આવી ગયો છે. સેકટરોમાં શેરી ગરબાની સાથે ઈન્તેજારીના અંતે ગરબે ઘુમવાનો અવસર આંગણે આવતા ખૈલેયાઓમાં હરખની હેલી જોવા મળી રહી છે. ગાંધીનગરમાં નવરાતની ઉજવણી વિશિષ્ટ રીતે થતી હોવાથી સેકટરે સેકટરે શેરી ગરબા યોજાય છે. આ ઉપરાંત વિવિધ ત્રણ ઠેકાણે સંસ્થાકીય ગરબા મહોત્સવનુ આયોજન માતાજીની ભવ્ય મુર્તિ અને દિવ્ય જયોતની સાક્ષીએ પુજા અર્ચના અને આરતી સાથે શકિત આરાધનાના આ પર્વનો પ્રારંભ કરવામાં આવશે. ૫ હજારથી પણ વધુ ગરબા પ્રેમીઓ માટે મેદાનને ગરબાથી સજજ કરવામાં આવ્યુ છે. ગરબા રસિક શ્રોતાઓ નવરાતમાં બેલે પાર્કીંગની વ્યવસ્થા કરવામાં આવી છે.જેને અનુલક્ષી સ્વયંસેવકોની ટીમ ખડેપગે રહેશે. સ્ટેજ પરથી નામી કલાકારો

### શહેરમાં વિવિધ ત્રણ ઠેકાણે સંસ્થાકીય ગરબા મહોત્સવનુ ભવ્ય આયોજન : શેરી ગરબામાં પણ રોશનીની જાકમજોળ વચ્ચે ગરબાની રમઝટ જામશે

મહોત્સવમાં દર્દીઓ તેમજ ગરીબો માટે વિવિધ પ્રકારના સેવા કાર્યો હાથ ધરવામાં આવશે ગરબા મેદાનના સ્થળે સેવાકેન્દ્રનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત તા ૬ ઓકટોબરના રોજ સાંજે ૫:૩૦ કલાકે બાળુડાના ગરબા પણ ભવ્ય શેરી ગરબાનુ આયોજન કરી દેવાયુ છે. સે-૪ ના શેરી ગરબાની સેકટરોમાં વિશેષ બોલબાલા છે. આ ઉપરાંત સે-૨૨ માં પણ સતત ૨૮ માં વર્ષે નવરાત્રિ પર્વની ઉજવણી કરવામાં આવશે. સેકટરના શોપિંગ પાસે સ્થિત ગબ્બર ચોકમાં ભવ્ય શેરી ગરબા યોજાશે. સમિતિના પ્રમુખ આ ઉપરાંત શહેરમાં સે-૩,૨૬,૭,૮ ૨૪,૨૮,૨૯ અને સે-૩૦ માં પણ શેરી ગરબાનુ આયોજન કરવામાં આવ્યુ છે. નવલી નવરાતના પ્રારંભથી જ ગરબાપ્રેમીઓ મનમુકીને ગરબે ઘુમવાના મુડમાં છે. જેમાં આ વર્ષે એક વધારાનુ એટલે ૧૦ નોરતા હોવાથી ખૈલેયાઓનો ઉત્સાહ બેવડાયો છે.

## સે-૯માં કલ્ચરલ ફોરમ આયોજિત નવરાત્રિ મહોત્સવમાં અંબાજી શકિતપીઠની કલાત્મક પ્રતિકૃતિનુ નિર્માણ : અંબાજીથી દિવ્ય જયોત આવશે ચાચર ચોકમાં માતાજીના સ્થાપન બાદ આરતી અને પૂજાવિધિ યોજાશે

## ગરબામાં ગ્રાઉન્ડમાં ખેલૈયા બનીને મહિલા પોલીસ 'રોમિયો' પકડશે

### નવરાત્રીમાં દારુ ઢીચી છાકટા બનીને ફરતા નબીરાઓને પકડવા પોલીસ બ્રીથ એનેલાઇઝરનો ઉપયોગ કરશે

ગાંધીનગર, તા.૨૯

નવરાત્રી દરમ્યાન ગરબા ધુમવા ગ્રાઉન્ડમાં જતી યુવતીઓની મશ્કરી અને છેડતી અટકાવવા તથા દારુના નશામા ફરતા શખ્સોને પકડવા પોલીસે એક્શન પ્લાન બનાવ્યો છે. ગરબા ગ્રાઉન્ડમાં મહિલા પોલીસ ખેલૈયા બનીને ટ્રેડીશનલ ડ્રેસમાં ફરશે અને રોમિયો પકડશે. તે ઉપરાંત શહેરના કોઈ પણ માર્ગ પર રાત્રી દરમ્યાન દારુના નશામા ફરતા નબીરાઓને પકડવા પોલીસ બ્રીથ એનેલાઈઝર લઈને ઉભી રહી જશે. પોલીસ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પુરતો બંદોબસ્ત ગોઠવશે.

નોરતા શરુ થવાનાં ગણતરીના કલાકો બાકી છે ત્યારે શહેરમાં શાંતી અને સલામતીપુર્વક ગરબા રમાય તે હેતુસર જીલ્લા પોલીસ વડાએ તમામ પોલીસ મથકના અમલદારોને બોલાવીને તેમની સાથે બેઠક કરી છે. ગરબાનુ આયોજન જ્યા જ્યા થાય છે તે તમામ સ્થળો પર પોલીસનુ સતત પેટ્રોલિંગ રહેશે અને જ્યા વધુ ભીડ જામે છે ત્યા પોલીસ જરુરી બંદોબસ્તમાં પણ ગોઠવાશે. નવરાત્રીમાં રાત્રે અવર જવર કરતી ગરબારશીક યુવતીઓની સલામતી માટે તથા ગરબા ગ્રાઉન્ડમાં યુવતીઓની સુરક્ષા માટે પોલીસે ખાસ એક્શન પ્લાન બનાવ્યો છે. મહિલા પોલીસ ગરબા ગ્રાઉન્ડમાં ટ્રેડીશનલ ડ્રેસમાં ફરશે અને છેડતી કે મશ્કરીઓ કરતા રોમિયો તત્વોને પકડીને કડક કાર્યવાહી કરશે. તો બીજી તરફ આ સમયે રાત્રે દારુડીયા તત્વોની ધમાલો પણ વધતી હોય છે જેને પગલે નશામાં ફરતા નબીરાઓ પકડવા માટે બ્રીથ એનેલાઈઝર મશીન લઈને પોલીસ કોઈ પણ સ્થળે આકસ્મિક ચેકિંગ શરુ કરશે અને દરુડીયાઓને સબક શીખવાડશે.

## નવરાત્રીમાં સાઉન્ડ સિસ્ટમ-લાઈટ ડેકોરેશનના વેપારીઓને મંદીનો માહોલ

### ચાઈના સાઉન્ડ બજારમાં આવતા મોટાભાગના સોસાયટીના રહીશોએ વસાવી લેતા ઓર્ડર કેન્સલ થયા

ગાંધીનગર, તા.૩૦

''માડી તારા આવવાના એંધાણ થયા'' નવરાત્રીના પ્રારંભને આંગળીના વેઢે ગણાય તેટલા કલાક બાકી રહ્યા છે. નવરાત્રીમાં ગરબે ઘુમવા માટે યુવાવર્ગ થનગની રહ્યો છે. નવરાત્રીના ગરબામાં સાઉન્ડ સિસ્ટમનું વિશેષ મહત્વ રહેલું છે. ગરબા રમવા માટે સાઉન્ડ યોગ્ય હોય તો ખેલૈયાઓને ગરબે ઘુમવાની મજા પડે છે. પરંતુ આ વર્ષની નવરાત્રીમાં પણ ચાઈના સાઉન્ડે પગપેસારો કરતા સાઉન્ડના વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. જયારે દરવર્ષ કરતા વેપારમાં પણ મોટાફટકો પડ્યો છે. અત્યારના બજારમાં પ્રોફેશનલ સાઉન્ડ રૂ. ૪ થી ૫ લાખમાં મળે છે ત્યારે તે પ્રકારનું ચાઈના સાઉન્ડ માત્રને માત્ર દોઢ લાખની અંદર સરળતાથી મળી રહે છે. જેથી શહેરની કેટલીક



સોસાયટીના નવરાત્રી સમિતિ દ્વારા ચાઈના સાઉન્ડની ખરીદી કરવામાં આવતા સાઉન્ડના વેપારીઓના ઓર્ડર કેન્સલ થવા પામ્યા છે.

ગાંધીનગર શહેરમાં નવરાત્રીની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. નાના બાળકથી લઈ સૌ કોઈ નોરતાના પ્રારંભની રાહ જોઈને બેઠું છે. નવરાત્રીમાં હાઈફાઈ સાઉન્ડની બોલબાલા હોય છે. સાઉન્ડ સિસ્ટમ સારી કવોલીટીનું હોય તો ખેલૈયાઓના પગ ગરબે ઘુમતા થાક અનુભવતા નથી. ત્યારે દરવર્ષે ગાંધીનગર શહેરના સાઉન્ડ અને લાઈટીંગના વેપારીઓને અઢળક ઓર્ડર મળતા બહારથી વ્યવસ્થા કરવી પડે તેવી પરિસ્થિતિ સર્જાતી હતી. તેના સ્થાને બજારમાં ચાઈના સાઉન્ડ આવતા વેપારીઓ ભારે મુંઝવણ અનુભવી રહ્યા છે.આ અંગે શહેરના સાઉન્ડના એક વેપારીને પુછતા તેમણે જણાવ્યું હતું કે શહેરમાં સોસાયટી તેમજ ન્યું ગાંધીનગરમાં યોજાતા ગરબા આયોજકોએ ચાઈના સાઉન્ડ ખરીદી લેતા ઓર્ડર મળ્યા નથી તો કેટલાક ઓર્ડર પણ કેન્સલ થવા પામ્યા છે. બજારમાં પ્રોફેશનલ સાઉન્ડની કિંમત પાંચ લાખની હોય છે જયારે તેના સ્થાને માત્ર દોઢ લાખની અંદર સાઉન્ડ મળતા મોટાભાગના સોસાયટીના રહીશોએ પોતાનું સાઉન્ડ વસાવી લીધું છે. જયારે ખાનગી આયોજકોને પણ મંદીનું ગ્રહણ લાગતા ગત્ વર્ષ કરતા ૨૫ ટકા ભાવમાં ફેર પડ્યો છે.દરેક વ્યકિતના ત્યાં લેપટોપ હોવાથી ડીજેનું પણ માર્કેટ ગરબામાં ઓછુ જોવા મળે છે. જયારે લાઈટ ડેકોરેશનમાં આ વર્ષે સાળી લાઈટ બજારમાં ધુમ મચાવે છે કારણ કે સ્કાય લાઈટ બે કિલોમીટર સુધી દેખાય છે. જે માત્ર લાઈવ શોમાં વિવિધ આકાર માટે વપરાય છે ત્યારે તેના સ્થાને સાળી લાઈટપણ વસાવી લેતા લાઈટ ડેકોરેશનમાં પણ જોઈએતેટલી તેજી નથી. નવરાત્રીમાં ચાઈના સાઉન્ડ બજારમાં પગ પેસારો કરતા સાઉન્ડના વેપારીઓ ચિંતિત જણાયા છે.

## કેપીટલ ક્રિએટીવ કલબ દ્વારા સહિયર રાસ-ગરબા યોજાશે

### સહિયર ગરબામાં માત્ર બહેનો તેમજ બાળકો જ ગરબે ઘુમશે

કેપીટલ ક્રિએટીવ કલબ ગાંધીનગર દ્વારા સંગીતના સથવારે ઢોલના તાલે... ''સહિયર રાસ ગરબા મહોત્સવ - ૨૦૧૬'' અને શેરી ગરબાના આયોજકોનો સન્માન સમારોહનું આયોજન સેકટર-૩ ઘ-૧ ચેહર માતાજી મંદિર પાસેના મેદાનમાં કરવમાં આવ્યું છે. આ સહિયર રાસ ગરબા મહોત્સવ નિશૂલ્ક રાખવામાં આવ્યો છે તેમજ તેમા માત્ર ને માત્ર મહિલાઓ, બાળકો અને યુવતિઓ જ માતાજીના ચાચર ચોકમાં ગરબે ઘુમી શકશે. માતાજીના ચાચર ચોકમાં ગરબે ઘુમનારને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવશે. સહિયર ગરબા મહોત્સવમાં જાણીતા કલાવૃંદ દ્વારા ગરબાની રમઝટ બોલાવાશે.

આ અંગે કેપીટલ ક્રિએટીવ કલબના પ્રમુખ મુકેશ પટેલે માહિતી આપતા જણાવ્યું હતું કે આ વર્ષે કલબ દ્વારા સહિયર ગરબા મહોત્સવનું આયોજન કર્યુ છે.ગાંધીનગરના ખૈલેયાઓ નાગરીકોના ઉત્સાહથી ગાંધીનગરની નવરાત્રી દેશ-વિદેશમાં ગુંજતી અને ગાજતી રહે છે. આ મહોત્સવમાં ફકત બહેનો, બાળકો અને યુવતિઓ જ ગરબે ઘુમી શકશે. જયારે અન્ય નાગરીકો માટે બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે. જયારે ગુજરાતના જાણીતા સુપ્રસિધ્ધ ગાયકો તેમજ સંગીતકારો સંગીતના સથવારે અને ઢોલના તાલે ગરબા મહોત્સવમાં આવીને ગરબાની રમઝટ બોલાવશે.

## શહેરમાં જગદંબાની પૂજા-અર્ચના માટેની સામગ્રીના સ્ટોલ લાગ્યા

ગાંધીનગર, તા. ૩૦

શનિવારથી નવરાત્રીનો પ્રારંભ થઈ રહ્યો છે. શહેરમાં નવરાત્રી દરમ્યાન જગતજનની આદ્યશક્તિ મા અંબાની આરાધના કરવામાં શ્રદ્ધાળુઓ ગળાડૂબ થશે. દરરોજ મા અંબાની પૂજા-આરતી-અર્ચના કરવા જરૂરી વિવિધ ચીજવસ્તુઓએ જેવી કે ચુંદડી, કંકુ, અગરબત્તી તથા તેના સ્ટેન્ડ, ધૂપિયા, ગુગળ-ધૂપ, અબીલ-ગુલાલ, દીવા સ્ટેન્ડ, આરતી, આર્ટિફિશ્યલ ફુલોના હાર વગેરેના સ્ટોલ નગરમાં ઉભા થયેલા જોવા મળી રહ્યા છે.

આદ્યશક્તિના ઉપાસકો તથા નવરાત્રીમાં મા અંબાની નિયમિત પૂજા અર્ચના કરવા માટે શ્રદ્ધાળુઓ અનેકવિધ ચીજવસ્તુઓનો ઉપયોગ કરે છે. સતત નવ દિવસ સુધી આરતી-પૂજા નિયમિત કરવાની હોઈ કેટલીક ચીજવસ્તુઓની દરરોજ જરૂરિયાત રહેશે. શહેરના સેક્ટર-૨૧, સેક્ટર-૨૪, સેક્ટર-૭ તથા અન્ય સેક્ટરોમાં શોપીંગ સેન્ટરોમાં આ સામગ્રીના સ્ટોલ્સ ઉભા થયેલા જોવા મળી રહ્યા છે. આ સામગ્રીમાં ચુંદડી, કંકુ, ફૂલના હાર, ધૂપ-અગરબત્તી, ગુગળ, અગરબત્તી તથા દિવા માટેના સ્ટેન્ડ, ટોકરી (ઘંટડી), આરતી, પંચદિવી, સપ્ત દિવી, અબીલ-ગુલાલ સહિતનો પૂજાપો વગેરે ઉપલબ્ધ થઈ રહ્યો છે. આ સાથે માતાજીની વિવિધ તસવીરો, આરતી, ગરબા, ભજન, સ્તુતિની પુસ્તિકાઓ, પણ જોવા મળી રહી છે.



શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે. ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-3, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ